# બંધન બેંકના ધિરાણોમાં ૨૧ ટકાનો અને થાપણોમાં ૩૭ ટકાનો ઉછાળો

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૧૩

ખાનગી ક્ષેત્રની બંધન બેન્કના લોન અને એડવાન્સિસ વાર્ષિક ધોરણે ૨૧ ટકાની વૃદ્ધિમાં રૂપિયા ૮૭,૦૫૪ કરોડ થયા છે. ૩૧ માર્ચ, ૨૦૨૦એ પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં બેન્કના લોન અને એડવાન્સિસ રૂપિયા ૭૧,૮૪૬ કરોડે રહ્યા છે. લોન અને એડવાન્સિસ હેઠળના ત્રણ ઘટકો છે, જેમાં ઓન-બુક્સ, ઓફ્ફ-બુક્સ અને ટીએલટીઆરઓનો (ટાર્ગેટ લોંગ ટર્મ રેપો ઓપરેશન) સમાવેશ થાય છે. ગત વર્ષે માર્ચમાં રોગચાળાને કારણે અર્થવ્યવસ્થાના તણાવને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આ સુવિધા રજૂ કરી હતી. આ અંતર્ગત કેટલાક તણાવપૂર્ણ ક્ષેત્રોમાં ધિરાણ માટે નોન-બેન્કિંગ ફાયનાન્સ કંપનીઓને (એનબીએફસી) ઓન-ટેપ ફન્ડિંગ આપવાની જોગવાઈ છે. સમીક્ષા હેઠળના સમયગાળામાં બંધન બેન્કની કુલ થાપણો રૂપિયા ૫૭,૦૮૨ કરોડથી ૩૭ ટકાની વૃદ્ધિમાં રૂપિયા ૭૭,૯૭૨ કરોડ રહી છે, તેમ નિયમનકારીએ એક યાદીમાં જણાવ્યું હતું. ચાલુ વર્ષે માર્ચમાં સીએએસએ (કરન્ટ એકાઉન્ટ એન્ડ સેવિંગ એકાઉન્ટ) ડિપોઝિટ અગાઉના વર્ષની રૂપિયા ૨૧,૦૨૮ કરોડથી ૬૧ ટકાના ઉછાળામાં રૂપિયા ૩૩,૮૨૭ કરોડે રહી હતી. માર્ચ ૨૦૨૧એ પૂરા થયેલા વર્ષમાં સીએએસએ ,રેશિયો ૩૬.૮ ટકાથી વધીને ૪૩.૪ ટકા રહ્યો છે. બેન્કની રિટેલથી કુલ ડિપોઝિટ ૭૯ ટકા રહી છે. ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં લિક્વિડિટી કવરેજ રેશિયો ૧૨૨ ટકા રહ્યો છે. માર્ચ ૨૦૨૧માં એકંદરે વસૂલાત કાર્યક્ષમતા ૯૬ ટકાની નજીક રહી છે, તેમ કોલકાતા સ્થિત બેન્કના મુખ્યમથકમાં જણાવ્યું હતું. બંધન બેન્કે વધુમાં જણાવ્યું હતું કે, ૩૧ માર્ચ ૨૦૨૧એ જણાવેલા કામચલાઉ અણધાર્યા આંકડા છે અને ઓડિટ કમિટિ અને બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા સમીક્ષા કરવામાં આવશે અને તેના સ્ટેશનરી ઓડિટરો દ્વારા તેનું ઓડિટ કરવામાં આવશે.